હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

પાસપોર્ટ વાળા કોરોના લાવશે પાન કાર્ડ વાળા હેરાન થશે... રાશન કાર્ડ વાળા મજાથી ખાશે...!!

મેટ્રો રેલના પટાવાળાના આપઘાત મુદ્દે ઉચ્ચ અધિકારીઓ ત્રાસ આપતા હોવાનો પત્નીનો આક્ષેપ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મેટ્રો રેલ કોર્પોરેશન ખાતે પટાવાળામાં ફરજ બજાવતા યુવકે સુઘડ નર્મદા કેનાલમાં કુદકો મારી જીવનલીલા સંકેલી લીધી છે. ત્યારે મૃતકની પત્નીએ મેટ્રો રેલ કોર્પોરેશન ખાતે ફરજ બજાવતા ઉપરી અધિકારીઓ દ્વારા ત્રાસ આપતા હોવાનો કથીત આક્ષેપ કરી પત્નીએ મુખ્યમંત્રી થી લઈ સેકટર-૭ ખાતે અરજી કરી તટસ્થ તપાસની માંગ કરી હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિજાપુરના ગેરીતા ખાતે રહેતા ફાલ્ગુનીબેનના પરિવારમાં સાસુ-સસરા અને એક વર્ષનો દિકરો તેમજ ચાર વર્ષની દિકરી છે. ફાલ્ગુની બેન દ્વારા સેકટર-૭ પોલીસ મથકે આપેલી અરજીમાં કથીત આક્ષેપ કરી કહ્યું છે કે તેણીના પતિ હરેશભાઈ સેકટર-૧૦ કર્મયોગી ભવન ગુજરાત મેટ્રો કોર્પોરેશન લિં.ની. કચેરી ખાતે ઓફિસ બોય તરીકે નોકરી કરતા હતા.કોઈ પણ વખતે ચા,પાણી અને નાસ્તો વિલંબ થતા અધિકારી-કર્મચારીઓ ઠપકો આપતા હતા. જે મુદ્દે હરેશભાઈ તેમના પત્નિ સાથે વાતચીત કરી સતત ટેન્શનમાં રહેતા હતા. તા.૩ ને શનિવારના રોજ સાંજના સુમારે કચેરીના અધિકારી કર્મચારીઓને કચેરીની ફાઈલો આપવા સારુ કહેતા હરેશભાઈ તેમના ટેબલ પર મુકી ગયો હતો. ત્યારે સંબંધિત કર્મચારીઓએ હરેશભાઈ પર ચોરીનો આરોપ લગાવ્યો હતો.જે અંગે વહીવટી કચેરી ખાતે લેખિતમાં ફરીયાદ પણ થઈ છે. ત્યારે વહીવટી કચેરી ખાતે અધિકારીઓએ હરેશભાઈને તા.૬-૧૨-૨૦૨૨ ના રોજ બોલાવી કડક પુછપરછ કરી હતી. માનસિક ટોર્ચર કર્યો હોવાનો કથિત આક્ષેપ કરીવધુમાં ફાલ્ગુની બેને કહ્યું કે તેમના પતિ રૂમમાં ગોંધી રાખ્યા હતા.તે વખતે હરેશભાઈએ ઉકત હકીકત વર્ણવી આવતા ઠંડુ મોડુ થશે તેમ કહ્યું હતું. ફાલ્ગુની બેન સુપરવાઈઝરને કોલ કર્યો તો જવાબ મળ્યો કે કચેરી બંધ થઈ ગઈ છે.ત્યારબાદ તા.૭-૧૨-૨૨ ના રોજ સવારે પરિવારે હરેશભાઈની શોધખોળ આદરી હતી. સુઘડ કેનાલ પાસેથી હરેશભાઈની ગાડી બિનવારસી હાલતમાં મળી આવી હતી. ફાલ્ગુની બેને પાલિકા ખાતે જઈને સીસીટીવી કેમેરા ચેક કરાવતા હરેશભાઈ કેનાલમાં કુદકો લગાવતા જોવા મળ્યા હતા. યુવકનો મૃતદેહ મળી આવતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ત્યારે પોતાના પતિને મેટ્રો રેલના અધિકારીઓ દ્વારા સતત ત્રાસ આપવામાં આવતા અને ફાઈલ ચોરી કર્યાની આળ લગાવીને માનસિક ટોર્ચર કરવામાં આવ્યો હોવાનો કથિક આક્ષેપ કરવામાં આવ્યો છે. જયારે આ મુદ્દે ફાલ્ગુની બેને મુખ્યમંત્રી, ગૃહમંત્રી સહિત સ્થાનિક પોલીસ મથકે લેખિતમાં અરજી કરી કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ખૂણેખાંચરેથી

- કોવિડ-૧૯ના નવા વેરિયન્ટ અને તંત્રની તૈયારીઓની સમીક્ષા અંગે આજે કેન્દ્રના આરોગ્ય વિભાગે ખાસ સમીક્ષા કરી હતી.
- ગ્રીનસીટીમાં ગઈખાલે મહાકાળી માતાની ભવાઈનો પાઠ રાખવામાં આવ્યો હતો.
- ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા રવિવારના રોજ એક દિવસીય યોગ - પ્રાણાયામ તાલીમ અને ઉકાળા સેવનનો કાર્યક્રમ સેન્ટ્રલ વિસ્ટા ખાતે સવારે ૬-૩૦ થી ૮-૩૦ દરમિયાન યોજવામાં આવેલ છે.
- ગાંધીનગર એલ.સી.બી.એ સાંતેજ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં હાજીપુરા ચોકડી પાસેથી દારૂનો જથ્થો કારમાંથી પકડ્યો છે.
- શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે શેરથા પ્રાથમિક શાળાની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી.
- શહેર - જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાંજે ૫-૩૦ વાગે સે.૨૪ ચોકડી ખાતે આઈશ્રી સોનલમાની શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવનાર છે.
- રીદ્રોલથી દ્વારકા પગપાળા સંઘનું ગઈકાલે પ્રસ્થાન થયું છે.
- માનવ સેવા મંડળ દ્વારા નિરાધાર પરિવારોને અનાજની કીટ અને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું છે.
- શેરથા પ્રાથમિક શાળા નં. ૧માં ૧૪૨માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે.
- સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વધવા પામી છે.
- અંબોડ સિનિયર સીટીઝન્સ દ્વારા ધારાસભ્ય જે. એસ. પટેલનું સન્માન કરવામાં આવ્યું છે.
- માણસા તાલુકાના બદપુરા ગામે ભૂજલ યોજના અંતર્ગત સર્વેની કામગીરી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર - જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી.
- બે દિવસના મીની વેકેશનમાં ઠંડીને લઈ લોકોએ ઘરમાં જ રહી દિવસ પસાર કરવાનું મુનાસિબ માન્યું હતું.

ખાત્રજ પાસેથી દારૂ ભરેલી કાર એલસીબી પોલીસે ઝડપી પાડી

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર એલસીબી પોલીસે બાતમીને પગલે કડી ખાત્રજ તરફ જતી દારૂ ભરેલી કારને પકડી પાડી છે. પોલીસે ગાડીમાંથી વિદેશી દારૂની ૪૦૮ નંગ બોટલ અને ગાડી મળી કુલ રૂ.૨.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે કાર મુકીને ચાલક ભાગી જવામાં સફળ રહ્યો છે.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરની એલસીબી પોલીસને બાતમી મળી હતી કે કડી તરફથી આવી રહેલી દારૂ ભરેલી કાર નં. જી.જે.૦૫.સી.એફ.-૪૪૦૫ છે. જે હાજીપુર મોટી ભોયણ થઈને ખાત્રજ તરફ જવાની છે. જેથી બાતમીવાળી કાર દેખાતા પોલીસે ગાડીની આળશ કરી ઉભી રાખવા માટે પ્રયત્ન કર્યો હતો.પરંતુ કાર ચાલકે કાર દોડાવી મુકી હતી. જેને પગલે પોલીસે કારનો પીછો શરુ કર્યો હતો. ત્યારે ચાલકે રોડની સાઈડમાં કાર ઉભી રાખીને ડ્રાઈવર ગાયબ થઈ ગયો હતો. પોલીસે ડ્રાઈવરની આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ તે ડ્રાઈવર મળી આવ્યો ન હતો. જયારે પોલીસે કારનો દરવાજો ખોલીને અંદર જોઈ તપાસ કરતા વિદેશી દારની પેટીઓ તેમજ બિયરના ટીન હતા. પોલીસે રૂ.૯૫ હજારથી વધુની કિંમતની વિદેશી દારૂની બોટલ નંગ-૪૦૮ તેમજ રૂ.૨ લાખની ગાડી મળી કુલ રૂ.૨,૯૫,૨૨૦નો મુદ્દામાલ કબ્જે કરી સાંતેજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રા.સ્કુલમાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રા.સ્કુલમાં દાસકાકા શિયાળુ રમતોત્સવ ૨૦મી તારીખે યોજાયો હતો. જેમાં શાળાના આચાર્ય નીરૂબેન પટેલે જયોતને લઈ બે કદમ ચાલીને રમતોત્સવ ખુલ્લો મુકયો હતો તેમજ વિદ્યાર્થીનીઓના જીવનમાં સ્વચ્છતા અને રમતોનું કેટલું મહત્વ છે તેનાથી માહિતગાર કર્યા હતા. આ રમતોમાં શાળાની આશરે ૬૫૦ વિદ્યાર્થીનીઓએ લાંબીકુદ, ગોળાફેંક, કોથળાદોડ, લીંબુ ચમચી, સ્લો સાયકલ, દોરડા કુદ, દડાફેંક, અને સંગીતખુરશી જેવી રમતોમાં ભાગ લીધો હતો. જેમા વિજેતા થનાર બહેનોને ઈનામ તથા સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ધો.૩થી ૫માં ઝાલા દિવ્યાન્સીબા જયદેવસિંહ તથા ધો.૬થી ૮માં વણઝારા નેહલ વીરબાળા બની હતી. સંચાલન દક્ષાબેન પટેલે કર્યું હતું.

રાંધેજા ગામે વિજ ચોરી કરનાર વેપારીને કોર્ટ દ્વારા દંડ ફટકારાયો

ગાંધીનગર, તા.૨૪

રાંધેજા ગામે વિજલાઈનમાં આંકડી મારી ડાયરેકટ વિજ ચોરી કરી દુકાનમાં બેફામ વિજળીનો દુરઉપયોગ કરતા વેપારીને વીજ કંપનીના અધિકારીઓએ ચેંકીગ કરી ઝડપી પાડ્યો હતો. જે અંગે કોર્ટમાં દાવો કરવામાં આવતા કોર્ટે પ્રતિવાદી દુકાન માલિકને રૂ.૭૫,૭૦૨ ને વાર્ષિક છ ટકા વ્યાજ સાથે વીજ કંપનીને ચુકવવા માટે હુકમ કરાયો છે. જેથી વિજચોરી કરતા નાગરીકોમાં ફફડાટ ફેલાયો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સબ ડીવીઝન ઉતર ગુજરાત વિજ કંપનીની ટીમ રાંધેજા ગત તા. ૧૮-૮-૧૯ ના રોજ વીજ જોડાણની અચાનક તપાસ કરવા માટે ગઈ હતી. વીજ કંપનીના કર્મચારીઓ વીજ ચોરીની તપાસ માટે ફરી રહ્યા હતા.ત્યારે રાંધેજા ગામે સધી માતાના મંદિર પાસેથી પસાર થતી એલ.ટી.લાઈનમાં આંકડી મારી ડાયરેકટ વીજ ચોરી કરી દુકાનમાં વીજળીનો વપરાશ બેફામ પણે થઈ રહ્યો હતો. જેથી દુકાનના માલિક નરેશ શકરાભાઈ પટેલને વીજચોરી કરતા રંગેહાથ વીજ કંપનીના કર્મચારીઓએ પકડી પાડ્યા હતા. ત્યારબાદ ચકાસણી અહેવાલ તૈયાર કરીને વીજ કંપનીના અધિકારીઓએ કલાબેન નરેશભાઈ પટેલ ને બતાવતા તેના ઉપર સહી કરી આપી હતી. ત્યારપછી વીજ કંપની દ્વારા તા.૧૬.૮.૧૯ ના રોજ વીજચોરીનું પુરવણી બિલ કંમ્પાઉન્ડીંગ ચાર્જ સહિત રૂ.૬૫,૫૦૫ આપવામાં આવ્યું હતું.જયારે બીલ દિન-૭માં ભરી જવા માટે પણ જણાવ્યું હતું. તેમ છતા રકમ ભરપાઈ કરવામાં નહી આવતા તંત્ર દ્વારા તા.૩-૬-૨૦ ના રોજ લીગલ નોટીસ નરેશભાઈને આપવામાં આવી હતી. વેપારીએ નોટીસની અવગણના કરીને વીજચોરી બિલના નાણા ભરપાઈ ન કરતા ચાર્જ સહિત રૂ.૭૫ હજારથી વધુની લેણી રકમ વસુલવા માટે કોર્ટમાં દાવો કરાયો હતો. કોર્ટમાં આ દાવો ચાલી જતા કોર્ટે પ્રતિવાદી નરેશ પટેલ પાસેથી રૂ.૭૫ હજાર થી વધુ રૂપીયા ૬ ટકાના વાર્ષિક વ્યાજ સાથે દાવો દાખલ કર્યાની તારીખથી વલુસવા માટે હુકમ કર્યો છે.

ઉતરાયણ પર્વને હજુ વાર છે પરંતુ દાનપુણ્યનો મહિમા જાણે અત્યારથી જ શરૂ થઈ ગયો છે. ગાય અને કુતરાને ખવડાવવાનું પુણ્ય મેળવવા મહિલાઓએ અત્યારથી જ લાડુ બનાવવાના શરૂ કરી દીધા છે. ગોપી મંડળ, સેકટર-૩/ન્યુ દ્વારા કુતરાઓ માટે લાડુ બનાવામાં આવ્યા હતા.

નદીના પટમાં અને કોતરોમાં ફેલાતી ગંદકીને દુર કરવા સફાઈ અભિયાન શરૂ કરાયું છે. ધારાસભ્ય રીટાબેન પટેલ બોરીજમાં સફાઈ અભિયાનમાં જોડાયા હતા અને સ્વયં સેવકો સાથે મળીને પ્લાસ્ટિકનો કચરો દૂર કર્યો હતો.

રેડીયન્ટ સ્કુલ ખાતે ડેન્ટલ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા.૨૪

સરગાસણમાં આવેલી રેડીયન્ટ સ્કુલ ઓફ સાયન્સમાં ધો.૬થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વરદા ડેન્ટલ ક્લીનીક અને રેડીયન્ટ સ્કુલના સહયોગથી આ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડો.દેવ પટેલ અને તેમની ટીમ દ્વારા બાળકોનુ ડેન્ટલ નિદાન કરવામાં આવ્યું હતું. નિદાનમાં સારવારની જરૂરીયાત હોય તેવા બાળકોની અલગથી યાદી બનાવવામાં આવી હતી અને તેમના વાલીઓને વરદા ડેન્ટલ ક્લીનીક દ્વારા ચેકઅપના ફોર્મના માધ્યમથી યોગ્ય અને પુરતી માહિતી પહોંચાડવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ અને આચાર્ય દ્વારા ડોકટર અને તેમની ટીમનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં પણ બાળકો માટે આવી તત્પરતા દાખવી તેમના અનુભવોનો લાભ આપતા રહે અને બાળકોને ઉપયોગી બને તેવી અપેક્ષા સેવવામાં આવી હતી.

સંસ્કાર ગ્રુપ દ્વારા નાતાલ પર્વની અલગ રીતે ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૪

સંસ્કાર ગ્રુપ દ્વારા તા.૨૫મીએ રવિવારે નાતાલ પર્વની ઉજવણી કરવાનું આયોજન છે. ભગવાન ઈસુને તેમના હાથપગમાં ખીલા મારીને તેમને દુખ આપવાછતાં તેઓને માફ કરવાની પ્રાર્થના કરતા તેવીરીતે વૃક્ષ દેવ સંતરૂપે બધાને માંગ્યા વગર આપતા જે બધાને જરૂરી પ્રાણવાયુ છે. આજનો માનવી સ્વાર્થ માટે પોતાની જાહેરાતો માટે ઝાડ ઉપર ખીલા મારીને તેમને નુકશાન પહોંચાડે છે સમય જતાં વૃક્ષ સુકાઈ જાય છે સંસ્કાર ગ્રુપ દ્વારા નગરના જુદાજુદા વિસ્તારોમાં ઉગાડેલા વૃક્ષો પર જાહેરાતોના બેનરો લગાવેલા છે તે ખીલા નીકાળીને છાણ-માટી લગાવીને તેમના ઘા રૂઝવવાનો પ્રયત્ન કરાશે.

વરંડો કેમ બાંધો છો તેમ કહી એક યુવકને ત્રણ શખ્સોએ માર માર્યો

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગરના ડભોડા ખાતે ખુલ્લી જગ્યામાં કેમ વરંડો બાંધો છે તેમ કહી ત્રણ શખ્સોએ યુવકને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ડભોડા પોલીસ મથકે મામલો પહોચ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ડભોડા ગામની મોટીભાગોળ ખાતે રહેતા અરવિંદ સોલંકી પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. ગઈકાલે અરવિંદતી ગાડી લઈને ઘરે થી નીકળી જઈ રહ્યા હતા તે સમયે ગામની એમ.એચ.વિદ્યા મંદિર પાસે કૌંટુંબીક ભાઈ વિપુલ બાબુજી સોલંકી આવ્યા હતા.

અરવિંદની ગાડી રોકી તેની સાથે ગાળાગાળી કરી કહેવા લાગ્યો હતો કે તમારા ઘર આગળ આવેલી ખુલ્લી જગ્યામાં તમે કેમ વરંડો બાંધવાની વાત કરો છો.

જેથી અરવિંદજીએ કહ્યું હતું કે જમીન મારી માલિકીની છે અને તેમાં વરંડો બાંધવાનો છે. જેથી વિપુલ સોલંકી ઉશ્કેરાઈ જઈને અરવિંદને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. વિપુલનું ઉપરાણુ લઈને બાબુજી સોલંકી અને જગદીશ સોલંકી આવી પહોચ્યા હતા. આ તમામ શખ્સોએ અરવિંદને ગડદાપાટુનો માર માર્યો હતો.

જયારે ગ્રામજનો એકઠા થઈ જતા આ ત્રણેય જણા જતા જતા કહેતા ગયા હતા કે હવે તો તુ હાથમાં આવીશ તો તને જાનથી મારી નાંખશુ તેવી ધમકી આપી જતા રહ્યા હતા. જેથી બનાવ અંગે અરવિંદ સોલંકીએ ત્રણ શખ્સો સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

જે.એમ.ચૌધરી વિદ્યાલયમાં નાતાલની ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

જે.એમ.ચૌધરી શાળામાં નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નર્સરી, જુ.કેજી, સિ.કેજી અને ધો.૧ અને ૨ ના બાળકોએ ભાગ લીધો હતો. ભાવસાર ભાવિકાબેને શાન્તા ક્લોઝ બનીને બાળકો સાથે નાતાલની ઉજવણી કરી હતી અને બાળકોને ચોકલેટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય અંજનાબેન તથા શિક્ષિકાઓએ પણ ઉત્સાહપૂર્વક બાળકો સાથે ડાન્સ કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

ચિલોડા મોટા ઓમલેન્ડ માર્ક સ્કૂલમાં નાતાલ પર્વની ઉલ્લાસભેર ઉજવણી

ગાંધીનગર,તા.૨૪

જય ભારત સાથે જણાવવાનું કે આજરોજ તારીખ ૨૪ ૧૨ ૨૦૨૨ ના શનિવાર ના રોજ મોટા ચિલોડા ખાતે આવેલ અમારી શાળા ઓમ લેન્ડમાર્ક સ્કૂલ માં આવનાર તહેવાર નાતાલની ઉજવણી ખૂબ જ ભારે હર્ષ ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રેયર, ગ્રુપ સોંગ સોલો સોંગ ડાન્સ ફેશન શો સ્પીચ અને નાટક જેવી અવનવી કલાકૃતિઓ દ્વારા ઉપસ્થિત સૌ કોઈના મન મોહી લીધા હતા. આ ઉપરાંત શાળાના શિક્ષક અને વિદ્યાર્થીએ સાન્તાકલોઝ બનીને વિદ્યાર્થીઓને ચોકલેટ અને ગિફ્ટ એનાયત કરી હતી. સમગ્ર હરસુલાસ ભરી ઉજવણી માટે શાળાના તેમજ આચાર્યએ તમામ શિક્ષક મિત્રો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી આવનાર નવા વર્ષની શુભકામનાઓ આપી હતી

સે-૨ અર્બન હેલ્થ સેન્ટરમાં રસીનો સ્ટોક જ નથી

ગાંધીનગર,તા.૨૪

કોરોના નાં નવા વેરીયન્ટ બીએફ -૭ ના ચીન સહિત નાં દેશો માં વધતાં જતાં કેસો ને લીધે બુસ્ટર ડોઝ લેવા લોકો જાગૃત થયા છે ત્યારે સેક્ટર નં -૨ અર્બન હેલ્થ સેન્ટર માં રસી નો જથ્થો નથી.એક બાજુ રાજ્ય નાં આરોગ્ય વિભાગે સુચના ઓ આપવામાં આવી છે કે પ્રિકોશન ડોઝ આપવાની કામગીરી સઘન કરવી.પરંતુ અર્બન હેલ્થ સેન્ટર સેક્ટર નં -૨ માં રસી નો સ્ટોક જ નથી.આથી અર્બન હેલ્થ સેન્ટરોમાં પ્રિકોશન ડોઝ લેવા આવનાર વસાહતીઓ ને પરત જવાની ફરજ નાં પડે.જેથી બુસ્ટર ડોઝ ની વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

યુનિક વિદ્યા સંકુલ શાળામાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ નાટક દ્વારા ગ્રાહકોનું કેવી રીતે શોષણ કરવામાં આવે છે તથા ગ્રાહકના અધિકારો વિશે માહિતી આપી તેમજ શાળાના બાળકોને ગ્રાહક સુરક્ષા વિશે જાગૃત કરાવ્યા હતા.શાળાના ડાયરેકટર નીતિન પટેલે ગ્રાહકોના અધિકારો વિશે જાણકારી આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

સરઢવ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓનો ઉત્તર ગુજરાત યુવક મહોત્સવમાં શાનદાર દેખાવ

ગાંધીનગરમાં યોજાયેલાં ઉત્તર ગુજરાત યુવક મહોત્સવમાં સરઢવ હાઈસ્કુલની બાળાઓએ ઉત્સાહભેર ભાગ લઈ શાનદાર દેખાવ કર્યો હતો. જેમાં બીજો નંબર આવતા સરઢવ હાઈસ્કૂલની આ બાળાઓ રાજ્ય કક્ષાએ ભાગ લેવા માટે ૨૬ ડિસેમ્બરના રોજ અમરેલી ખાતે જશે.

રાધાકૃષ્ણ મંડળ સે-૫/એ દ્વારા શાકોત્સવનું આયોજન

શિયાળાની સુંદર મોસમ ને અનુરૂપ સેક્ટર ૫/એ , રાધા કૃષ્ણ મંડળ દ્વારા નગરની બહેનો માટે સ્વાદિષ્ટ શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.વિવિધ લીલા શાકભાજીનો ઉપયોગ કરીને આરોગ્યપ્રદ વાનગીઓનો રસથાળ ૫૦૦ જેટલી બહેનોએ માન્યો હતો. સમગ્ર શાકોત્સવની આયોજન નીરૂબેન નાયકની આગેવાની માં યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળ ના પ્રમુખ ડો. ચેતના અરુણભાઈ બુચ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બહેનોને તેમજ તેમના પરિવારજનોને શિયાળામાં આવતા ભરપૂર લીલા શાકભાજીની મહત્તમ ઉપયોગ કરીને તંદુરસ્તી પ્રાપ્ત કરવા માટે નામે અનુરોધ કર્યો હતો.